## નિલ્સન દ્વારા આઈઆઈટીના

# અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને આં.રા. તકો સહિત એવોર્ડ્સ માટે ફંડ આપશે



નિલ્સન ઈન્ડિયા (પ્રા) લિમિટેડ દ્વારા આઈઆઈટી-ગાંધીનગર સાથેના એમઓયુની ઘોષણા કરવામાં આવી છે, જેમાં આઈઆઈટીના અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય તકો આપવામાં સહયોગ અપાશે.

આ કરાર અંતર્ગત નિલ્સન દ્વારા કેટલાંક નિલ્સન એવોર્ડ્સ માટે ફંડ અપાશે જે અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય પરિષદો, વર્કશોપ્સ અને ઈન્ટર્નશીપ્સમાં સામેલ થવાની તક મળી શકશે.

નિલ્સન ઈન્ડિયાના પ્રમુખ પિયુષ માથુરે જણાવ્યું હતું કે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અમારા માટે પ્રગતિ અને સફળતાનો માર્ગ છે અને અમે તેને પ્રોત્સાહન આપવા માટે ભાર મૂકીએ છીએ. અમે આઈઆઈટી-ગાંધીનગર સાથે થોડા સમયથી કામ કરી રહ્યાં છીએ અને ત્યાં અમે અનેક પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ હોવાનું જાણ્યું, જેઓને જો યોગ્ય સહયોગ મળે તો તેઓ ભાવિ નેતૃત્ત્વ તરીકે બહાર આવી શકે છે. અમે આ યુવાનોને પ્રોત્સાહિત કરવા માટે અને તેમના કૌશલ્યને બહાર લાવવા તેઓને ઘરઆંગણે અને આંતરરાષ્ટ્રીય સ્તરની તકો પૂરી પાડવા કોશિશ કરીએ છીએ.

આઈઆઈટી-ગાંધીનગરના ડિરેકટર પ્રો. સુધીર જૈને જણાવ્યું હતુ, આજના વિકસતા ગ્લોબલાઈઝ્ડ વિશ્વમાં સંસ્થા તેના અભ્યાસક્રમનું વૈશ્વિકરણ કરવા પર ભાર મૂકે છે. સંસ્થામાં વિદેશથી ફેકલ્ટીઝ આવે જ છે અને તેઓ કેમ્પસમાં અને અમારા શૈક્ષણિક કાર્યક્રમોમાં આવીને પોતાનું માર્ગદર્શન આપે છે. નિલ્સનના સહયોગથી અમે અમારા અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય તકો આપવામાં વધારો કરી શકીશું.